# 36

## ભાવનગર જીલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીના બાંધકામ બાબત

*15/4/1492 **શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા** (પાલીતાણા): **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીના બાંધકામનું મંજૂર થયેલ કામ કયાં તબક્કે છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર કચેરીના નવીન મકાન બાંધકામમા ફાઉન્ડેશન તથા પ્લીંથની કામગીરી પૂર્ણ થયેલ છે. સુપરસ્ટ્રક્ચર, કમ્પાઉન્ડ વોલ અને અન્ય આનુષંગિક કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) | આ બાંધકામ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) | આ બાંધકામ પાછળ ઉક્ત સ્થિતિએ રૂ.૪.૬૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) | આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) | સદર કામગીરીને તા.૦૫-૦૩-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. પરંતુ ચોમાસા દરમ્યાન સ્થળસ્થિતિ જોતા કામગીરી થઈ શકેલ ન હતી, જેથી તા.૩૦-૦૬-૨૦૨૪ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------------------------